
# ‘હિંદનું રાજ્યબંધારણ’ : બ્રિટીશ શાસનમાં પ્રજાહિતની સર્વોપરીતાનો ખ્યાલ

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

“સુધરેલી દુનિયામાં મનાય છે કે સરકારનું કામ દુશ્મનના અને ચોર લૂંટારાના ભયમાંથી પ્રજાનું રક્ષણ કરવામાં જ સમાતું નથી પણ તે ઉપરાંત પ્રજાને યોગ્ય શિક્ષણ આપી, દેશના હુન્નર ઉદ્યોગ વધારી ઉન્નતિના માર્ગ પર મૂકવી, અને રોગના હુમલામાંથી બચાવવી એ પણ છે. એટલા માટે સરકાર લશ્કર, અને નૌકાસૈન્ય રાખે છે; પોલીસ રાખે છે; નિશાળો, હુન્નરશાળાઓ, શારદાપીઠો સ્થાપે છે. અને વળી ભણેલા અને અનુભવી દાક્તરોના હાથ નીચે ઈસ્પિતાલો અને દવાખાનાંઓ સ્થાપે છે, કે જેમાં ગરીબ વર્ગને દવા દારૂ મળી શકે અને માંદાની સારવાર થઈ શકે, તથા પ્રજાના અજ્ઞાન ને વહેમને લીધે ફેલાતાં દરદોનો અટકાવ કરવાનાં સાધનો પૂરાં પાડી, સામાન્ય સુખાકારીના નિયમોનું જ્ઞાન ફેલાવી તથા સાદા અને નિયમિત જીવનનો શોખ વધારી પ્રજાનું જીવન તન્દુરસ્ત બનાવી શકાય.” આ પાયાની વાત જેમાંથી અહીં ટાંકી છે તે પુસ્તક છે : ‘હિંદનું રાજ્યબંધારણ’ અને આ પુસ્તક ગુજરાતીમાં લખાયું તે વર્ષ 1916નું છે. બ્રિટીશ સરકાર હિંદુસ્તાનમાં કેવી રીતે શાસન કરતી હતી તે વિશેનું આ પુસ્તક છે. તેના લેખક હરિલાલ માધવજી ભટ્ટ છે. તેઓ



જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં તત્ત્વજ્ઞાનના પ્રોફેસર હતા અને તેમણે જાણીતાં સાહિત્યકાર બ.ક.ઠાકોર સાથે મળીને એક અન્ય ‘પ્લુટાર્કનાં જીવનચરિતો’ નામના પુસ્તકનો અનુવાદ પણ કર્યો છે. આવતી કાલે પ્રજાસત્તાક દિવસ છે અને તે સંદર્ભે આ પુસ્તકના કેટલાંક અંશો આપણે પ્રજા તરીકે વાંચવા જેવા છે.

1916માં લખાયેલા ‘હિંદનું રાજ્યબંધારણ’ પુસ્તકમાં અનેક એવી બાબતો ટાંકી છે જેનાથી આજે આપણે ખાસ્સા દૂર આવી ગયા છે. આગળ ‘વૈદ્યક અને જાહેર તંદુરસ્તી’ વિશેના પ્રકરણમાં લેખક લખે છે કે, ‘રોગ થતા અટકાવવા એ પણ સરકારની ફરજ મનાય છે. તેને માટે પ્રથમ તો રોગોની પરીક્ષા કરવી જોઈએ. આટલા માટે મરકી, મેલેરિયા, ક્ષય, કોલેરા વગેરે રોગોના અભ્યાસ માટે પ્રયોગશાળાઓ અને ફેલાવાનાં કારણો, અને તે અટકાવવાના ઉપાયોનો અભ્યાસ કરવામાં આવે છે. બીજી તરફથી ગામડાં અને શહેરની સુખાકારી સુધરે એ માટે સામાન્ય સ્વચ્છતા જાળવવાના, સ્વચ્છ પાણી પૂરું પાડવાના તથા કેટલાક ચેપી રોગ અટકાવવાના, શીતળા અથવા રસી મૂકાવવાના ઉપાયો લગાડવામાં આવે છે.’ મતલબ કે સરકારની ભૂમિકા સ્વાસ્થ્ય બાબતે કેટલી વ્યાપક છે તે આમાં દાખવ્યું છે. બ્રિટિશ શાસન વખતે તેનો વ્યાપ દાખવ્યો છે એટલો હોવો જોઈએ કારણ કે લેખક હરિલાલે જ્યાં સરકાર પહોંચી નથી શકી ત્યાં અંગ્રેજોએ સેવા થકી કેવી રીતે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં પહોંચ્યા તેનો પણ ઉલ્લેખ કર્યો છે. આ વિશે તેમણે 1885માં સ્ત્રીઓના ઈલાજ અર્થે તત્કાલિન વાઈસરૉયના પત્ની લેડી ડફ્રીન[Lady Dufferin]ની વાત લખી છે. લેડી ડફ્રીને સ્ત્રીઓના ઈલાજ અર્થે તે વખતે 260 દવાખાનાં શરૂ કર્યા હતા. આ દવાખાનાં સ્ત્રી ડૉક્ટર અને દાઈઓની દેખરેખ હેઠળ ચાલતા હતા. એટલું જ નહીં તે વખતે નર્સીસની ખોટ પૂરી પાડવા અન્ય એક વાઈસરૉય લૉર્ડ મિન્ટોના પત્ની લેડી મિન્ટો[Lady Minto]નું ઉદાહરણ ટાંક્યું છે. લેડી મિન્ટોએ નર્સીસ સારી રીતે કેળવાય તે માટે બીજી સંસ્થા સ્થાપી હતી. તદ્‌ઉપરાંત તે સંસ્થામાં આવેલા ભંડોળથી રક્તપીત્તિયાઓની અને માનસિક ઈલાજ થાય તે માટે પણ ઈસ્પિતાલો નિર્માણ કરવામાં આવી હતી.

મ્યુનિસિપાલીટીની સત્તા વિશે પણ જે ઉલ્લેખ થયો છે તેમાં લેખક લખે છે : ‘શહેરોની સુખાકારી મ્યુનિસિપાલીટીના વહિવટની સાથે સંબંધ ધરાવે છે. મ્યુનિસિપાલીટીનો વહીવટ સુધરે અને શહેરોની સુખાકારી સારી રહે એ હેતુથી વખતો વખત કાયદા ઘડાય છે. એવા કાયદાથી મ્યુનિસિપાલીટીઓને પુષ્કળ સત્તા આપવામાં આવી છે, શહેરને પાણી પૂરું પાડવાની યોજના, શહેરના કચરાને દૂર કરી તેને ઠેકાણે પાડવાની યોજના, રસ્તા અને જાહેર હરવા ફરવાનાં સાધનોને સ્વચ્છ રાખવા માટે, મુડદાં બાળવાં અથવા દાટવા માટે, અસુખાકારી ઘરો સુધારવા માટે, બજાર, કસાઈવાડા, દૂધ અને ખાવનાં પદાર્થોની અંદર થતી ભેળસેળ અટકાવવા માટે વગેરે બાબતો માટે નિયમ કરવાની મ્યુનિસિપાલીટીઓને સત્તા આપવામાં આવી છે. આ બધામાં સર્વથી મહત્ત્વની બાબતો પાણીનાં બાંધકામ અને ગંદુ પાણી લઈ જવાની યોજના[ડ્રેનેજ] એ છે અને એ બાબતમાં એકંદર ઘણો સુધારો થયો છે.’ જ્યારે આ પુસ્તક લખાયું ત્યારે શહેરીકરણ હાલમાં છે એ હદ સુધી પ્રસર્યું નહોતું, તેમ છતાં તે વિશેનો ખ્યાલ સ્પષ્ટ હતો. સ્વાભાવિક છે કે એ ખ્યાલ ઈંગ્લેન્ડના શહેરોથી ઉતરી આવ્યો હશે. પણ સરકારની જવાબદારી કેટલી વ્યાપક છે તેનો અંદાજ આમાંથી આવે છે. હજુ આપણે ત્યાં સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓમાંથી સરકાર સદંતર બહાર નથી આવી, પરંતુ વર્તમાન રાજ્ય સરકાર કે મ્યુનિસિપાલીટી ચોક્કસ એવું ચોક્કસ ઈચ્છે છે કે જાહેર સ્વાસ્થ્યનું તેમનું ભારણ ઓછું થાય.

આ પુસ્તકમાં ‘બ્રિટીશ મહારાજ્ય’, ‘હિંદ સરકાર’, ‘પરદેશી ખાતું અને દેશી રાજ્યો’, ‘સ્થાનિક સરકારો’, ‘જાહેર સલામતી’, ‘ધારાસભા અને ન્યાયાધિકારી ખાતું’, ‘કેળવણી’, ‘સ્થાનિક સ્વરાજ્ય’, ‘જાહેર બાંધકામ ખાતું’, ‘આવક-ખર્ચનો હિસાબ’ અને ‘હિંદી નોકરીઓ’ જેવાં પ્રકરણો છે. આ તમામ પ્રકરણોમાં બ્રિટીશ વહીવટી કાર્યપદ્ધતિ દર્શાવી છે અને તદ્‌ઉપરાંત તેના કાયદા પણ દાખવ્યા છે. જેમ કે ન્યાયાધિકારી ખાતું વિશે તેમાં લખાણ મળે છે તે વ્યવસ્થા આજેય ઝાઝી બદલાઈ નથી. લેખક લખે છે કે : ‘ન્યાય ખાતાનું બંધારણ ઈ. સ. 1861માં પાર્લમેન્ટે હિંદની હાઈકોર્ટોનો ધારો ઘડી સ્થાપ્યું. એ ધારા પ્રમાણે કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં અને પાછળથી અલ્હાબાદમાં હાઈકોર્ટો સ્થાપવામાં આવી છે. આ હાઈકોર્ટોમાં ન્યાયાધિશોની નિમણૂંક શહેનશાહ કરે છે. તેમની સંખ્યામાં ઓછામાં ઓછો ત્રીજો ભાગ બારિસ્ટરોને માટે, બીજો - ત્રીજો ભાગ સિવિલ સર્વિસની ન્યાય શાખાના અમલદારો માટે, અને બાકીનો ભાગ દેશી વકીલો માટે રાખવામાં આવે છે. હાઈકોર્ટના મુખ્ય જજ બારિસ્ટર જ જોઈએ. પોતાના તાબાની અદાલતો પર દેખરેખ તથા ન્યાયખાતામાં પાળવા જોઈતા નિયમ ઘડવાની સત્તા પણ હાઈકોર્ટને આપવામાં આવે છે. બધી નીચલી દિવાની અને ફોજદારી કોર્ટ પર અપીલ સાંભળવાની સત્તા, નીચલી હાઈકોર્ટમાં કોઈ કામ અટકાવવાની સત્તા અને એક અદાલતમાંથી ફેરવી બીજી અદાલતમાં અમુક મુકદ્દમો લઈ જવાની સત્તા હાઈકોર્ટને આપવામાં આવી છે. હાઈકોર્ટમાં અસલ ફોજદારી મુકદ્દમાઓ જ્યુરીની મદદ વડે ચલાવાય છે. અને હાઈકોર્ટની જ અસલ મુકદ્દમા ચલાવનાર શાખા ઉપર અપીલ ચલાવી શકાય છે.’

હાલમાં આ પુસ્તક ‘ગાંધી હેરિટેજ પોર્ટલ’ અને ‘રેખ્તાગુજરાતી’ પર વાંચવા મળે છે. પુસ્તકના ઉપસંહારમાં જે લખ્યું છે તે પણ આપણા દેશનો ઈતિહાસ અને દેશના લોકોના તાસીર દર્શાવે છે. લેખક આ વિભાગમાં લખે છે : ‘હિંદના ઈતિહાસનું નિરીક્ષણ કરતાં આપણે જોઈએ છીએ કે એક હજાર વર્ષથી સ્વતંત્રતાની ભાવના નાશ પામી છે, દેશ પરદેશીઓને તાબે થયો છે, અને તે પણ દરેક પગલે આપણા દેશી રાજ્યોના કુસંપ અને પરસ્પરની ઈર્ષ્યાને પરિણામે. રાજપૂતોના કુસંપ કલહોને પરિણામે મુસલમાન સત્તા હિંદમાં સ્થાપન થઈ, અને છેક મુગલ સમય સુધી પરદેશી રાજ્ય સત્તાના મોટા મદદગાર તરીકે હિંદુ સૈન્યો હતાં. મિસિસ પોસ્ટન[Elizabeth Poston] રોમન શાસન નીચે બ્રિટિનની જે સ્થિતિ વર્ણવે છે તે આ સમયના હિંદને આબાદ લાગુ પડે છે. ‘એક લડાયક શૂરવીર જાત ધીમે ધીમે નિર્માલ્ય થતી ગઈ, તેણે પોતાના વિજેતાના તાબેદારી ખુશીથી ઉઠાવી, પોતાની અંદર અંદરના કુસંપને લીધે પોતાનું સ્વામીત્વ ગુમાવ્યું અને નિયમિત રીતે તેઓએ પોતાની ખંડણી ભરી.’’

ઉપરાંત બ્રિટીશ અમલની ખૂબીની વાત પણ લેખકે ઉપસંહારમાં આખરે કરી છે. તેઓ લખે છે : ‘બ્રિટીશ અમલની ખાસ ખૂબી એ છે કે તે નિયમ અને પદ્ધતિ પર રચાયેલો છે. પૂર્વના દેશોમાં રાજ્ય અમલ વ્યક્તિગત એટલે રાજાની મરજી ઉપર જ આધાર રાખે છે, અને કોઈ નિયમને અધીન વર્તતો નથી. આથી પરિણામ એ થાય છે કે અમલમાં કંઈ નિયમ, પદ્ધતિ કે સળંગ રાજ્યનીતિ જળવાતી નથી, પણ વ્યક્તિની મરજી પ્રમાણે કામ સારું નરતું થાય છે. ઈ. સ. 1761ના પાણીપતના યુદ્ધમાં મરાઠા લશ્કર શૌર્યથી અમહમદશાહ અબ્દલીના પઠાણ સૈન્ય સામે લડતું હતું, પણ જે ઘડીએ વિશ્વાસરાવ પડ્યો અને તેનો હાથી પોતાના સરદાર સિવાય ન્હાસતો સૈન્યે જોયો કે તરત મરાઠા સૈન્યમાં ભંગાણ પડ્યું, અને

**‘હિંદનું રાજ્યબંધારણ’ અને આ પુસ્તક ગુજરાતીમાં લખાયું તે વર્ષ 1916નું છે. બ્રિટીશ સરકાર હિંદુસ્તાનમાં કેવી રીતે શાસન કરતી હતી તે વિશેનું આ પુસ્તક છે. તેના લેખક હરિલાલ માધવજી ભટ્ટ છે. તેઓ જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં તત્વજ્ઞાનના પ્રોફેસર હતા**

સર્વેએ ફાવે તેમ ન્હાસવા માંડ્યું. જે સ્થિતિ રણમાં થઈ તેવી જ સ્થિતિ દેશના સામાન્ય અમલમાં પણ થતી. ધણીની નજર હોય ત્યાં સુધી તેની મરજી પ્રમાણે અમલ થાય અને તે નજર દૂર થાય ત્યારે અમલ ચલાવનાર અમલદારની મરજી પ્રમાણે અમલ ચાલે, અને દેશી પ્રજાની દૈવ અને નસીબની માન્યતા તેઓને રાજ્ય અમલનાં સુખદુઃખ નિર્વિકારપણે સ્વીકારતા શીખવતી.’

‘હિંદનું રાજ્યબંધારણ’માં દેશનો ઈતિહાસ, તે સમયની શાસન પદ્ધતિ સિવાય પણ ઘણી માહિતી છે. સો વર્ષ અગાઉના ઈતિહાસ, શાસન પદ્ધતિને જાણવા પુસ્તક ખૂબ ઉપયોગી થઈ પડે એવું છે. અંગ્રેજોના શાસન હેઠળ દેશ ગુલામીમાં રહ્યો, પરંતુ આ પદ્ધતિથી આપણે હાલમાં પણ શું શીખી શકીએ તે માટે અહીં પુસ્તકના અંશ મૂક્યા છે. અંગ્રેજોના શાસનના ગુણગાન ગાવાનો અહીં જરાય ઈરાદો નથી.●

# ગણતંત્ર દિવસના આટલાં વરસે...

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

ભારતનો ગણતંત્ર દિવસ દર વર્ષે આવે ને જાય. કાલે જ ગણતંત્ર દિવસ છે તો એની આગોતરી વધામણી. હમણાં કેટલાંક વર્ષોમાં ‘આપણા દેશે સારો એવો વિકાસ કર્યો છે’, આ અફવા દેશભરમાં વરસોથી ફેલાતી રહી છે. આપણા નેતાઓ સત્યથી ડરે છે, અફવાઓથી નથી ડરતા. ખબર પાક્કી છે કે દેશમાં વિકાસ તો થયો છે. હવે એ ક્યાંથી કર્યો છે, એની જાણકારી મેળવવાની બાકી છે.

આ વર્ષે હવામાન સારું રહ્યું. ઉનાળામાં ગરમી પડી અને શિયાળામાં ઠંડી પડી. ચોમાસામાં વરસાદ સારો પડ્યો એના કારણે ખેતરોને પાણી મળ્યું અને રસ્તાઓ પર ખાડા પડ્યા. સારો પાક થવાથી જે કમાણી થઈ એ રસ્તાઓનું સમારકામ કરવામાં વેડફાઈ ગઈ. સરકારે નિર્ણય લીધો છે કે ખાલી જગ્યામાં વૃક્ષો વાવવામાં આવશે. ખાલી જગ્યા નહીં હોય ત્યાં વૃક્ષો ઉખાડીને ફરી બીજાં વૃક્ષો રોપવામાં આવશે. પરિસ્થિતિ એવી છે કે વૃક્ષો વાવવાના નિર્ણયો લેવાઇ ગયા છે પણ એનાં બીજ વવાયાં નથી. થાકેલા લોકો નિર્ણયના છાંયડામાં બેસીને એમાંથી ફળ પડવાની રાહ જોતા બેઠા છે. આમ તો દેશની આર્થિક સ્થિતિ સારી રહી. જે પૈસાવાળા હતા એ પૈસાવાળા જ રહ્યા અને ગરીબ હતા એ ગરીબ જ રહ્યા પણ એ બંનેની વચ્ચેના જે હતા, એ ક્યાંયના ય ના રહ્યા.




ગણતંત્ર ભારતના આ વરસે દેશમાં વ્યક્તિ દીઠ આવક વધી. ખાસ કરીને એ લોકોની જેઓ કમિશન ખાય છે અને લાંચ લે છે. દેશમાં બેરોજગાર ગમે તેટલા હોય, બેકારી એના કરતાં વધારે હતી. જે લોકો કામ કરવા માગતા હતા એ લોકો પાસે કામ નહોતું અને જે લોકો પાસે કામ હતું એ લોકો કામ કરતાં નહોતા. જેમણે કામ કર્યું એમાંથી ખાસ કંઇ નિપજ્યું નહીં. દેશમાં સમૃદ્ધિ એટલી વધી કે લોકો ૧૦૦ રૂપિયાની જગ્યાએ ૨૦૦ રૂપિયા અને ૨૦૦ રૂપિયાની જગ્યાએ ૫૦૦ રૂપિયાની નોટનો ઉપયોગ કરવા માંડ્યા છે. આજકાલ ૧ રૂપિયાનું પરચૂરણ ન કોઈ આપે છે કે ન કોઈ લે છે. જીવનધોરણ એટલું ઊંચું થઈ ગયું છે કે ભિખારી ૧-૨ રૂપિયાની જગ્યાએ ૫-૧૦ રૂપિયા માગતા થઈ ગયા છે.

આ દેશે ચા, મસાલા અને કપડાં વેચીને ટી.વી., મોબાઈલ્સ, કમ્પ્યુટરો વગેરે ખરીદ્યા. આ બધી વસ્તુઓ અને દેશની સંપત્તિ કે આવક બે ભાગમાં વહેંચાઈ ગઈ. અડધી નેતાઓએ રાખી લીધી અને બાકીની અડધી ઉદ્યોગપતિઓએ રાખી લીધી. ક્યારેક ટીવી પર નેતાઓ દેખાય છે તો ક્યારેક ઉદ્યોગપતિઓની વાતો આવે છે. લોકો દેશ તરફ જોવાને બદલે આ બધું જોવામાં જ મશગૂલ અને મગરૂર થઈ ગયા છે. દેશમાં ટી.વી.ઓ, મોબાઈલ્સ, કમ્પ્યુટરો શું આવી ગયા, આખેઆખો દેશ એમાં જ અંદર ઘૂસી ગયો છે. જીવનધોરણ ઊંચું થયું. જે લોકો જમીન પર ચાલતા હતા એ હવે ફ્લાય-ઓવર પર ચાલવા માંડ્યા છે. (એ અલગ વાત છે કે ફ્લાય-ઓવર ક્યારેક પડી પણ જાય છે.) વિદેશી ક્રિકેટ ટીમો આવી અને ભારતને હરાવીને જતી રહી. ભારતીય ક્રિકેટ ટીમ વિદેશ ગઈ અને હારીને પાછી આવી. ક્યારેક જો ભારતીય ટીમ જીતી હોય તો તેઓ પૈસા ભેગા કરવા લાગી પડે છે, જાણે કે તેઓ રમતમાં નહીં ચૂટણીમાં જીત્યા હોય!

ગણતંત્રના આ વર્ષમાં દેશ ભલે અંદર લડી રહ્યો હતો પણ બહારથી સુરક્ષિત હતો. જ્યારે કે કહેવામાં એમ આવ્યું હતું કે દેશને બહારના પડોશી દેશથી ખતરો છે. દેશ ગમે તેવો હોય પણ દેશના નેતાઓ સુરક્ષિત હતા. એમનાથી વધુ નેતાઓના ચમચાઓ સુરક્ષિત હતા. દેશમાં અવારનવાર બેંક લૂંટાય છે અથવા ઊઠી જાય છે. દરરોજ અગણિત હત્યાઓ અને બળાત્કારો થયે રાખે છે. ૧૯૭૦-૮૦ના જમાનામાં ડાકુઓએ નેતાઓની સામે આત્મસમર્પણ કરતા હતા અને આજે હવે નેતાઓ, ડાકુઓ કે ગુંડાઓની સામે આત્મસમર્પણ કરે છે. આમાં બિચારી પ્રજા ફોટા જોઈને પૂછે છે કે આ બેમાં નેતા કોણ છે અને ગુંડા કોણ છે?

હવે લૂંટફાટની કળા માત્ર ગામડાંઓ સુધી જ સીમિત નથી રહી. શહેરો અને મહાનગરો સુધી વિકસી છે. એક જમાનામાં ડાકુઓએ ઘોડા વેચીને બાઈક ખરીદી અને જેની પાસે બાઈક હતી એણે પિસ્તોલ ખરીદી. બસ પિસ્તોલ દેખાડો અને જે જોઈએ એ લઈ લો! શિક્ષણ ક્ષેત્રે પરિસ્થિતિ એવી હતી કે જ્યાં ભણવા માટે બાળકો હતાં ત્યાં શિક્ષકો જ નહોતા ને જ્યાં શિક્ષકો હતા ત્યાં બાળકો નહોતાં. વળી જ્યાં બંને હતાં ત્યાં ભણતર જ નહોતું થતું. છતાં પરિણામો સારાં આવ્યાં. જો કે નોકરીઓ તો યે નહીં મળી. સાક્ષરતા અભિયાનનો વિકાસ થયો છે. જેને સહી કરતાં આવડી ગઈ એ વિદેશ જવાનું વિચારવા માંડ્યો. જેમનાં આ દેશમાં ઘર છે તેઓ વિદેશમાં નોકરી કરવાનું વિચારવા માંડ્યાં છે. અને જેની પાસે વિદેશમાં નોકરી છે તેઓ ભારતમાં ઘર બનાવવાનું વિચારી રહ્યા છે. એક વાત સમજાતી નથી કે લોકો એવું કેમ ઇચ્છે છે કે કમાવા જવાની જગ્યા ઘરથી દૂર હોવી જોઈએ?

**આમ તો દેશની આર્થિક સ્થિતિ સારી રહી. જે પૈસાવાળા હતા એ પૈસાવાળા જ રહ્યા અને ગરીબ હતા એ ગરીબ જ રહ્યા પણ એ બંનેની વચ્ચેના જે હતા, એ ક્યાંયના ય ના રહ્યા**

દર્દીઓનું સ્વાસ્થ્ય સારું રહ્યું. ભેળસેળવાળી વસ્તુ ખાઈને લોકો માંદા પડ્યા તો પછી પાછાં ભેળસેળવાળી દવા પીને સાજા થઈ ગયા. જે એલોપથી ડૉક્ટરનો દર્દી હતો એ વૈદ્ય શોધવા માંડ્યો, જે વૈદ્યનો દર્દી હતો એ હોમિયોપથી ડૉક્ટરને શોધવા માંડ્યો અને જે હોમિયોપથીનો દર્દી હતો એ એલોપથીના ડૉક્ટર પાસે ગયો. આ રીતે દેશની હોસ્પિટલોમાં દર્દીઓની કુલ સંખ્યા એ જ રહી જે પહેલાં હતી! દેશના નેતાઓ વિદેશ જતા રહ્યા. જ્યારે તેઓ નહીં ગયા ત્યારે વિદેશી નેતાઓ અહીંયા એમને મળવા આવ્યા. પછી એ સૌએ દેશના વિકાસની ચર્ચાઓ કરી. એમાંથી સમય કાઢીને પોતાના વિશે વિચાર્યું... પણ આ બધામાં નેતાઓ ડરતા રહ્યા કે ક્યાંક સાલી ચૂંટણી ના યોજવી પડે? મિત્રો, સાંસ્કૃતિક મોરચે પરિસ્થિતિ એવી હતી કે દેશમાં બધી ભાષાઓનો વિકાસ થયો. પહેલાં ૧૪ કે ૧૫ જ ભાષાઓ હતી હવે ૧૯-૨૦ જેટલી ભાષાઓ થઈ ગઈ છે. જો કે હિંદી હજી પણ દેશની સૌથી મોટી ભાષા છે, એટલે દરેક રાષ્ટ્રીય નેતા એને પગે લાગતો હોય છે.

છતાં ય હિંદી ભાષા ગરીબ જ છે. જે ખરા સાહિત્યકારો છે એ હવે લખતા નથી અને જે નથી લખતા એમને ઈનામો મળી જાય છે!

ગણતંત્રના આવનાર વર્ષમાં બસ સુખ, શાંતિ છે, બધાં ખાઈ રહ્યા છે, બધાં ગાઈ રહ્યા છે. બધાંના પોત પોતાના સૂર છે. બાકી બધું ઠીક છે પણ આ દેશમાં શુદ્ધ નાગરિક હોવું એ માત્ર અભિશાપ છે!●

# T20 વર્લ્ડકપ પહેલા ભારતીય ટીમ સામે કેટલાક મોટા પડકારો

ખેલખેલમેં

ભારતીય ટીમ પાસે હવે T20 વર્લ્ડકપ ટાઈટલ ડિફેન્સ શરૂ કરવા માટે ફક્ત પાંચ મેચ બાકી છે. સદનસીબે, ટીમે તેની પ્લેઈંગ ઈલેવન માટે મોટાભાગના કોયડા ઉકેલી લીધા છે. સાત ખેલાડીઓએ સ્પષ્ટપણે પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે, અને જો તિલક વર્મા ફિટ થશે, તો તે સંખ્યા વધીને આઠ થઈ જશે. હવે, બધું પરિસ્થિતિઓ પર આધાર રાખે છે, જ્યાં સ્થાન માટે સ્પર્ધા ઝડપી બોલરો અને કુલદીપ યાદવ વચ્ચે થશે. અંતિમ નિર્ણય પિચના આધારે લેવામાં આવશે. તૈયારી કરતી અન્ય મુખ્ય ટીમોની તુલનામાં, આ સ્પષ્ટતા અને સુસંગતતા સ્પષ્ટપણે આશ્ચર્યજનક છે. તેમ છતાં, ફોર્મ, ફિટનેસ અને પસંદગી અંગે ચાલી રહેલી ચર્ચાએ ભારતને કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો ઉભા કર્યા છે જેનો જવાબ વર્લ્ડકપ ઝુંબેશ શરૂ થાય તે પહેલાં મળવો જ જોઈએ. બુધવારથી નાગપુરમાં શરૂ થયેલી ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની T20I સીરિઝ દરમિયાન આ પાંચ પ્રશ્નો નિઃશંકપણે ટીમના મનમાં રહેશે.

ભારત દ્વારા મોડેથી લેવાયેલા નિર્ણય પછી શું સેમસન આશાઓ પર ખરો ઉતરશે?

T20I માં ઓપનર તરીકે સંજુ સેમસનના આંકડા પોતે જ બોલે છે. તેણે અત્યાર સુધી 18 ઈનિંગ્સમાં ત્રણ સદી ફટકારી છે, જેનો સ્ટ્રાઈક રેટ 178.02 છે અને સરેરાશ 32.88 છે. T20Iમાં 500 થી વધુ રન બનાવનારા 11 ભારતીય ઓપનરોમાંથી, ફક્ત અભિષેક શર્મા, જેનો સ્ટ્રાઈક રેટ 190.40 છે, તે તેના કરતા ઝડપી છે. આ આંકડાઓના આધારે, ટોપ ઓર્ડરમાં સેમસનના સ્થાન વિશે ચર્ચા માટે બહુ ઓછો અવકાશ હોય તેવું લાગે છે. પરંતુ સંજોગો તેના નિયંત્રણની બહાર હતા, જેના કારણે તેને છેલ્લા કેટલાક મહિનાઓમાં સંપૂર્ણપણે અલગ ભૂમિકામાં અનુકૂલન સાધવાની ફરજ પડી હતી. હવે તે ઓપનર તરીકે ટીમમાં પાછો ફર્યો છે. તે પોતાનું પહેલાનું સ્થાન પાછું મેળવી રહ્યો છે, જે અગાઉ એક ખેલાડીને સોંપવામાં આવ્યું હતું જેને શરૂઆતમાં વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું, પરંતુ વર્લ્ડકપ શરૂ થવાના થોડા અઠવાડિયા પહેલા જ તેને પડતો મૂકવામાં આવ્યો હતો . ટીમમાં સતત થતા આ ફેરફારો શુભમન ગિલ અને સેમસન બંને માટે અસલામતી અને આત્મ-શંકાનું કારણ બન્યા હશે.



પ્લેઈંગ ઈલેવનમાં શ્રેયસ અય્યર કે ઈશાન કિશન?

આ સીરિઝની ઓછામાં ઓછી પ્રથમ ત્રણ મેચોમાં તિલકની ગેરહાજરીને કારણે ઉપલા મધ્યમ ક્રમમાં એક ખાલી જગ્યા ખાલી પડી છે. આ સ્થાન માટે દાવેદાર રહેલા ઈશાન કિશન અને શ્રેયસ અય્યર વચ્ચે પસંદગી કરવી મુશ્કેલ કાર્ય છે, કારણ કે બંનેની તરફેણમાં દલીલો સમાન રીતે આકર્ષક લાગે છે. ડિસેમ્બર 2023 થી ઐયરે T20I રમી નથી, અને ગયા વર્ષે IPL ફાઈનલ પછી ઈજાના કારણે તે સ્પર્ધાત્મક T20 ક્રિકેટથી દૂર રહ્યો છે. આમ છતાં, પંજાબ કિંગ્સને ફાઈનલમાં લઈ જવાના તેના પ્રદર્શને તેને T20I સ્પોટલાઈટમાં પાછો લાવ્યા હતા. તેણે 175.07 ના સ્ટ્રાઈક રેટથી 604 રન બનાવ્યા, જે 500 થી વધુ રન બનાવનારા 11 બેટ્સમેનોમાં બીજા ક્રમનો શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ છે. ગતિ અને સ્પિન બંને સામે તેમનો સ્ટ્રાઈક રેટ 150 થી વધુ હતો. જમણા હાથનો બેટ્સમેન હોવાને કારણે, અય્યર તિલકનો યોગ્ય વિકલ્પ નથી, પરંતુ ભારતના બાકીના ટોચના ક્રમમાં ડાબા હાથના બેટ્સમેનોની ભરમાર હોવાથી તે તેના પક્ષમાં કામ કરી શકે છે. કિશનની IPL સફર ઘણી અસમાન રહી. એક સદી અને અણનમ 94 રન સિવાય, તેની સિઝનનો ખાસ પ્રભાવ પડ્યો નહીં. જોકે, ઝારખંડ માટે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તેના પ્રભાવશાળી પ્રદર્શન અને કેપ્ટન તરીકે ટીમને ટાઈટલ સુધી પહોંચાડવામાં તેની ભૂમિકાને કારણે તેને રિઝર્વ કીપર તરીકે ભારતીય ટીમમાં વાપસી મળી. ઐયરથી વિપરીત, કિશન ભારતની T20 વર્લ્ડકપ ટીમનો પણ ભાગ છે. તેથી, જો તિલકની ફિટનેસ યોજના મુજબ આગળ વધે છે, તો ભારતને વર્લ્ડકપ ટીમમાં પહેલાથી જ રહેલા ખેલાડીને અજમાવવાનું વધુ યોગ્ય લાગશે.

શું સૂર્યકુમાર પોતાનું ખોવાયેલું ફોર્મ પાછું મેળવી શકશે?

ભારતના T20I કેપ્ટન હાલમાં તેના આંતરરાષ્ટ્રીય કારકિર્દીના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. તેણે તેની છેલ્લી 22 ઈનિંગ્સમાં એક પણ અડધી સદી ફટકારી નથી, તેની સરેરાશ ફક્ત 12.84 છે. તેને ઝડપી બોલિંગ અને ફુલ-લેન્થ બોલિંગ સામે સંઘર્ષ કરવો પડ્યો છે, અને વિકેટ સામે ઝડપી સ્કોર કરવો પણ તેના માટે મુશ્કેલ સાબિત થઈ રહ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની T20I શ્રેણી પછી, તેણે સ્પર્ધાત્મક ક્રિકેટમાં ફક્ત બે વાર બેટિંગ કરી છે, 50 ઓવરની વિજય હજારે ટ્રોફીમાં મુંબઈ માટે 24 અને 15 રન બનાવ્યા છે. તે હવે 35 વર્ષનો છે અને આગામી T20 વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે.

**સૂર્યકુમારનું ફોર્મ, શ્રેયસ અય્યર અને ઇશાન કિશનનો સમાવેશ, સંજૂ સેમસન પર રખાતી આશાઓનો મુદ્દો એવા પડકારો દર્શાવી રહ્યા છે કે જેનો ઉકેલ શોધવામાં ભારતે ઉતાવળ કરવી પડશે, કારણ કે હવે T20 વર્લ્ડકપ શરૂ થવા આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે**

આ બધા છતાં, તે ભારતના મહાન T20 ક્રિકેટરોમાંનો એક છે. એક એવો ખેલાડી જેણે માત્ર ફોર્મેટમાં નિપુણતા મેળવી નથી, પરંતુ તેની શક્યતાઓને પણ વિસ્તૃત કરી છે. જો કોઈમાં આ મુશ્કેલ સમયને પાર કરવાની ક્ષમતા છે, તો તે સૂર્યકુમાર છે. પરંતુ પડકાર એ છે કે વર્લ્ડકપ શરૂ થવામાં વધુ સમય બાકી નથી. ડેથ ઓવરોમાં ઓછામાં ઓછા 200 T20I રન (17-20) બનાવનારા તમામ ભારતીય બેટ્સમેનોમાં, ફક્ત સૂર્યકુમાર યાદવ (228.49) અને રોહિત શર્મા (217.24) નો સ્ટ્રાઈક રેટ રિંકુ સિંહ (207.75) કરતા સારો છે. રસપ્રદ વાત એ છે કે, સૂર્યકુમાર અને રોહિત ટોપ-ઓર્ડર બેટ્સમેન છે જે સામાન્ય રીતે ડેથ ઓવર શરૂ થાય ત્યાં સુધીમાં ક્રીઝ પર સારી રીતે સેટ થઈ જાય છે. આ સંદર્ભમાં, રિંકુ આ ફોર્મેટમાં ભારતનો શ્રેષ્ઠ ‘પ્યોર ફિનિશર’ હોવાનો દાવો થાય છે. જ્યારે ગિલના ટોપ ઓર્ડરમાં પાછા ફરવાથી એક મધ્યમ ક્રમના ખેલાડીને વિકેટકીપર માટે જગ્યા બનાવવાની ફરજ પડી છે. સપ્ટેમ્બરથી, તેણે ફક્ત બે T20I રમી છે અને ફક્ત એક જ બોલનો સામનો કર્યો છે, જે એશિયા કપ ફાઈનલમાં વિજયી બાઉન્ડ્રી હતી.

શું રાણાએ નંબર 8 ની ચર્ચાનો અંત લાવી દીધો છે?

હર્ષિત રાણા ન્યુઝીલેન્ડ સામેની શાનદાર ODI શ્રેણી બાદ પરત ફરી રહ્યો છે, જ્યાં તેણે તેની ઝડપી બોલિંગ કુશળતા અને બેટિંગ ઊંડાઈ બંનેનું પ્રદર્શન કર્યું. આ તેને આ T20I શ્રેણીમાં નંબર 8 સ્થાન માટે મજબૂત દાવેદાર બનાવે છે. જોકે, રાણાને દક્ષિણ આફ્રિકા સામે ભારતની છેલ્લી T20I સીરિઝમાં ફક્ત એક જ મેચ રમવાની તક મળી હતી. તે સમયે, ભારતની બેટિંગમાં પૂરતી ઊંડાઈ હતી, જેમાં દુબે, વોશિંગ્ટન સુંદર અથવા જીતેશ શર્મા નંબર 8 પર બેટિંગ કરતા હતા. અક્ષર પટેલ અને હાર્દિક પંડ્યા જેવા અનુભવી ઓલરાઉન્ડરો અને દુબે અને અભિષેક જેવા છઠ્ઠા બોલિંગ વિકલ્પો સાથે, ભારત ફરીથી આ માર્ગ પર ચાલી શકે છે. પરંતુ રાણાના ODI માં પ્રદર્શને કદાચ નંબર 8 ની ચર્ચાને તેના પક્ષમાં ફેરવી દીધી હશે. ટીમમાં તેના સમાવેશથી ભારતને એક બહુમુખી બોલર મળશે જે નીચલા ક્રમના બેટ્સમેન તરીકે રમવાની ક્ષમતા પણ ધરાવે છે.●